
# રિસેપ્શનિસ્ટ

રિસેપ્શનિસ્ટ એ એક વ્યાવસાયિક છે. ફ્રન્ટ ઑફિસ એસોસિયેટ જે સંસ્થાના ફ્રન્ટ ડેસ્કનું સંચાલન કરે છે. સામાન્ય રીતે તેઓ ગ્રાહકો માટે સંપર્કનું પ્રથમ બિંદુ હોય છે. તેઓ વિવિધ વહીવટી કાર્યો પણ કરે છે, જેમ કે ટેલિફોનનો જવાબ આપવો, સંદેશા લેવો, મુલાકાતનો સમય નિર્ધારીત કરવો, દસ્તાવેજો ફાઇલ કરવા અને જાળવવા, યાત્રાની વ્યવસ્થા કરવી તેમજ અન્ય કામકાજ સંભાળવું.



## વ્યક્તિગત નિપુણતા

- તમને વસ્તુઓ સુવ્યવસ્થિત રીતે રાખવી પસંદ છે
- તમે લોકોને તેમની સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરવાનું પસંદ કરો છો
- તમે બધા સાથે સહજતાથી વાત કરી શકો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૭૮,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફ્રન્ટ ઓફિસ મેનેજમેન્ટ/ફ્રન્ટ ઓફિસ ઓપરેશન્સ/હોટેલ મેનેજમેન્ટ/હોટેલ મેનેજમેન્ટ અને કેટરિંગ ટેક્નોલોજીમાં ડિપ્લોમા અથવા ફ્રન્ટ ઓફિસ મેનેજમેન્ટમાં સ્પેશ્યલાઝેશન સાથેનો સમકક્ષ કોર્ષ કરો

**અથવા**

કોઈપણ વિષયમાં સ્નાતક પૂર્ણ કરો અને પછી રિસેપ્શનિસ્ટ પ્રોગ્રામ, ઓફિસ મેનેજમેન્ટ અથવા આ પ્રકારના વિષય સાથે પ્રમાણપત્ર કોર્ષ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક રિસેપ્શનિસ્ટનું માસિક વેતન
**રૂ. ૮,૦૦૦ થી ૩૩,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/re-search/IN/Job-Receptionist/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સમગ્ર ભારતમાં હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ, મધ્યમ કદની કંપનીઓ, કન્સલ્ટન્સી અને એજન્સીઓ

**કાર્યસ્થળનું વાતાવરણઃ** તમે કોઈ ઓફિસમાં કામ કરી શકો છો. આ કામગીરી માટે શારીરિક ગતિવિધિની જરૂરીયાત રહે છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. આ નોકરીમાં સ્થાનિક મુસાફરી કરવાની જરૂર રહેતી નથી. પાર્ટ-ટાઇમ કામ અને કરાર આધારિત નોકરી ઉપલબ્ધ હોય છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૧૦ થી ૧૨ કલાક કામ કરો તેવી શક્યતા છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ હોટેલ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની અહીં આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમએસયુ, વડોદરા
૨. ઈન્સ્ટિટ્યુટ ઑફ હોટેલ મેનેજમેન્ટ, કેટરિંગ ટેક્નોલોજી અને એપ્લાઈડ ન્યુટ્રીશન, કોલકાતા
૩. ઈન્સ્ટિટ્યુટ ઑફ હોટેલ મેનેજમેન્ટ, અમદાવાદ
૪. ઈન્સ્ટિટ્યુટ ઑફ હોટેલ મેનેજમેન્ટ, જોધપુર
૫. ઈન્સ્ટિટ્યુટ ઑફ હોટેલ મેનેજમેન્ટ, કેટરિંગ ટેક્નોલોજી અને એપ્લાઈડ ન્યુટ્રીશન, જયપુર
૬. છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટી, કાનપુર
૭. નેતાજીસુભાસ ઓપન યુનિવર્સિટી, કોલકાતા
૮. દિલ્હી ઈન્સ્ટિટ્યુટ ઓફ હોટેલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેક્નોલોજી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. અશોક ઈન્સ્ટિટ્યુટ ઑફ હોસ્પિટાલિટી એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ, દિલ્હી
૨. એસ.આર.એમ. ઈન્સ્ટિટ્યુટ ઑફ હોટેલ મેનેજમેન્ટ, ચેન્નાઈ
૩. એપીઆઈએમ, અમદાવાદ
૪. બી.એન.જી. હોટેલ મેનેજમેન્ટ, કોલકાતા
૫. દેવભૂમિ ઉત્તરાખંડ યુનિવર્સિટી, દેહરાદૂન
૬. પારુલ યુનિવર્સિટી, વડોદરા, ગુજરાત
૭. એસએમઆઈટી, ભુજ - કચ્છ
૮. બી.કે. સ્કૂલ ઓફ પ્રોફેશનલ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝ, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

## અપેક્ષિત પ્રગતિ પથ

રિસેપ્શનિસ્ટ (હોટેલ) → રિપોર્ટિંગ હેડ → એડમિનિસ્ટ્રેશન સુપરવાઈઝર → ગ્રાહક સેવા મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફ્રન્ટ ઓફિસ એક્ઝિક્યુટિવ, ગેસ્ટ રિલેશન, ઓફિસ આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેશન

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

## સાફલ્ય ગાથા

**પીયુષ બંસલ**, આઈવેર કંપની લેન્સકાર્ટના સી.ઈ.ઓ. અને ભારતના સૌથી સફળ ઉદ્યોગસાહસિકોમાંના એક છે. બંસલે કેનેડામાં પાર્ટ-ટાઇમ રિસેપ્શનિસ્ટ તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે કેનેડાની મેકગિલ યુનિવર્સિટીમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગમાં સ્નાતક અને ધ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, બેંગ્લોરમાંથી એન્ટરપ્રેન્યોર અને ફેમિલી બિઝનેસીસ (એમ.પી.ઈ.એફ.બી.) મેનેજમેન્ટ પ્રોગ્રામમાં પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રી મેળવી છે.*

સ્રોતઃ https://www.postoast.com/peyush-ban-sal-net-worth/

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.